# મૂર્તિ

સર્વ સાધનનું ફળ


ફેબ્રુઆરી - ૨૦૨૬
વર્ષ : ૨૩ અંક : ૦૨
વાર્ષિક :₹૫૦/-


॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

## અનાદિ મહામુક્તરાજશ્રી અબજીબાપા સ્મૃતિ શતાબ્દી

100 સંવત ૧૯૮૪-૨૦૮૪ વર્ષ-2028

સંવત ૨૦૮૪ વૈશાખ સુદ ૭ થી વૈશાખ સુદ ૧૫
તા.૧-૫-૨૮ સોમવાર થી ૮-૫-૨૦૨૮ સોમવાર

શ્રી અબજીબાપાની છતેડી
• બળદિયા, ભુજ-કચ્છ •

## અનાદિ મહામુક્તરાજશ્રી અબજીબાપા સ્મૃતિ શતાબ્દી ઉપલક્ષ્યે સત્સંગ બ્રહ્મયજ્ઞ

રામપરા



સુરત



## શિક્ષાપત્રી દ્વિશતાબ્દી (વસંતપંચમી) : આરતી - શિક્ષાપત્રી પઠન





## ધનુર્માસ ધૂન પૂર્ણાહુતી







રામપરા

અનાદિ મહામુક્તરાજશ્રી અબજીબાપા સ્મૃતિ શતાબ્દી ઉપલક્ષ્યે સત્સંગ બ્રહ્મયજ્ઞ

સુરત

RNI No.: GUJGUJ/2004/52455

# મૂર્તિ





ફેબ્રુઆરી : ૨૦૨૬

વર્ષ : ૨૩

અંક : ૦૨

## દિવ્ય પ્રેરણા

પ.પૂ. અ.મુ. મુનિસ્વામી શ્રી કેશવપ્રિયદાસજી સ્વામી



## તંત્રી

શ્રી કલ્યાણ નારાણ વેકરીયા

## પ્રકાશક

**શ્રી અબજીબાપાની છતેડી અને**
**હનુમાનજી મંદિર**

બળદિયા-ભુજ (કચ્છ)

મોબાઈલ : ૯૦૯૯૦ ૪૯૨૮૨
૯૦૯૯૦ ૪૯૨૮૪

E-mail : abjibapachhatedi@gmail.com
Website : www.abjibapanichhatedi.org

## લવાજમ

| | |
|---|---|
| વાર્ષિક | : રૂા. ૫૦/- |
| પંચ વાર્ષિક | : રૂા. ૨૦૦/- |
| ૨૦ વાર્ષિક | : રૂા. ૫૦૦/- |
| વિદેશમાં ૨૦ વાર્ષિક | : રૂા. ૪૦૦૦/- |

## પ્રકાશન તારીખ

દર માસની ૧૧ તારીખે

## પ્રિન્ટીંગ

સ્વસ્તિક પ્રિન્ટર્સ-ભુજ
બેઝમેન્ટ, પિંડોરીયા ચેમ્બર્સ,
ન્યુ સ્ટેશન રોડ, ભુજ - કચ્છ.
E-mail : swastik.gr@gmail.com




| **અનુક્રમ** | **પેજ** |
|---|---|
| શ્રીહરિચરિત્રામૃતમ્ | ૪ |
| સહજ અમૃત | ૬ |
| અબજ અમૃત | ૭ |
| દિવ્યામૃત | ૮ |
| ભગવાનના ભક્તનો પક્ષ | ૧૦ |
| શિક્ષાપત્રી મહિમા | ૧૩ |
| આત્મનિષ્ઠા અને ભગવાનનું મહાત્મ્ય | ૧૪ |
| કેળવણી | ૧૬ |



# શ્રીહરિચરિત્રામૃતમ્

સદ્. શ્રી આધારાનંદ સ્વામી રચિત પદ્યનો સંક્ષિપ્ત ગદ્ય અર્થ

ગતાંકથી ચાલુ...

## સમાધિ પ્રકરણ અને લોક-પરલોકનું દર્શન વર્ણન અને માંગરોળથી વિદાય થયા

- કોઈને એક દિવસ, કોઈને ત્રણ દિવસ, કોઈને પાંચ કે પંદર દિવસ કોઈને એક માસ ત્રણ માસ કે તેથી વધારે સમય સમાધિ ચાલુ રહેતી દેહમાં આવ્યા પછી સમાધિમાં જોયેલી અનેક લોક-પરલોકની રચના કહી સંભળાવતા. આવો પ્રતાપ દેખીને કેટલાય અધર્મ માર્ગ છોડી પાખંડી ગુરુને તજી શ્રીહરિના આશ્રિત થયા. ગોવર્ધન શેઠને પણ સમાધિમાં પકવ કર્યા હતા તેથી શ્રીહરિની મૂર્તિમાં જ અખંડ મનની વૃત્તિ રાખી તલ્લીન રહેતા. જન્માષ્ટમીને દિવસ શ્રીહરિએ સભા ભરી સંતોએ મલ્હાર રાગે કિર્તન ગાયું. વરસાદની ઝીણી ઝીણી બુંદો વરસવા લાગી. મધ્યરાત્રીએ બાળમુકુંદને પારણે ઝુલાવ્યા નોબત, ઢોલ, તથા બીજા વાજીંત્ર વાગવા લાગ્યા. બંદૂકો ફુટી દહીં દૂધ ઉડાડ્યા અને ઉત્સવ કર્યો.
- મેઘજી હલવાઈ, જેઠો મેર, દેવાનંદ દંડી આદિ કેટલાક રામાનંદ સ્વામીના શિષ્યો શ્રીહરિની વાતનું ખંડન કરતા તેમને વિવેકથી કહ્યું કે અમારા કરતા રામાનંદ સ્વામીની વાત વિશેષ જાણો છો, ત્યારે તેમની શંકાઓનું સમાધાન કર્યું અને પોતાના ઈષ્ટદેવએ આ સ્વયં શ્રીહરિ છે એવી પ્રતિતી કરાવી. બીજા મુમુક્ષોને પણ સમાધિ કરાવી ગોલોક, અક્ષર આદિક ભગવાનના ધામ અને તે ધામમાં લક્ષ્મી, રાધા, શ્રીદામ આદિક પાર્ષદોના દર્શન કરાવતા. બ્રહ્મજ્ઞાનીને આત્મસ્વરૂપના દર્શન કરાવતા. કેટલાકને ભૂગોળ ખગોળ તથા શરીરના ષટચક્રના ઐશ્વર્ય દેખાડતા. તેની વિકતિ જે મૂલાધાર ચક્ર જ્યાં ચાર પાંખડીવાળું ગણપતિનું સ્થાન ૨.લિંગ સ્થાનમાં સ્વાધિષ્ઠાનચક્ર જ્યાં છ પાંખડીવાળું બ્રહ્માજીનું સ્થાન ૩.નાભિસ્થાનમાં મણિપુરચક્ર જ્યાં દસ પાંખડીવાળું વિષ્ણુનું સ્થાન ૪. હૃદયસ્થાનમાં અનાહત ચક્ર જ્યાં બાર પાંખડીવાળું શીવજીનું સ્થાન ૫. કંઠસ્થાનમાં વિશુદ્ધિચક્ર જ્યાં સોળ પાંખડીવાળું સ્થાન જ્યાં યોગીઓ અજપા જપ જપે છે. અને ૬. ભ્રકુટીને મધ્યે આજ્ઞાચક્ર જ્યાં કાળરૂદ્ર પોતાની શક્તિએ સહિત રહ્યા છે. તેમજ તાલુ સ્થાનમાં બ્રહ્મરંદ્રા નામનું હજાર પાંખડીવાળું કમળવાળુ ચક્ર છે અને મહાલક્ષ્મીએ સહિત મહાવિષ્ણુ રહ્યા છે અને ૮. આઠમું સ્થાન છે ત્યાં અનાહત નાદ થાય છે તેમાં પંચમુખ શિવ રહે છે. ૯. નવમું સ્થાન છે ત્યાં રોધના નામે શક્તિનું છે. ૧૦. હજાર પાંખડીવાળું આ કમળ જેની દરેક પાંખડી ચાળીશ કરોડ ગાઉની છે. અને દસ કરોડ સૂર્ય જેટલો તેનો પ્રકાશ છે. ૧૧. તેથી પર પ્રણવનું સ્થાન છે ૧૨. તેથી પર સુખના શક્તિ અને ૧૩. તેથી પર ઉન્મના શક્તિ રહી છે. ૧૪. તેથી પર મહાશૂન્ય છે જે સૌથી કઠણ છે તેને કોઈ પાર કરી શકતું નથી. ૧૫. તેથી પર પુરુષનું સ્થાન છે. જ્યાં કલ્પવૃક્ષના વન છે જ્યાં કરોડ સૂર્ય સમ પ્રકાશ છે. વિવિધ પ્રકારના પૃષ્પ, વૃક્ષ, વેલી વગેરેથી યુક્ત છે. ચોકમાં મણિના પરથારમાં રત્નનાં પલંગમાં મહાશ્વેત અને તેજોમય પુરુષ સૂતેલા છે. ૧૬. તેથી પર ચત્, ચિત્ આનંદરૂપ ગાયત્રીનું સ્થાન છે ૧૭.તેથી પર શ્વેતવૈકુંઠ, ૧૮. તેથી પર કૈવલ્યવૈકુંઠ, તેથી પર ૧૯. સર્વાધાર સ્થાન છે જે સર્વવ્યાપક અને દિવ્ય છે જેને ચિદાકાશ અને

અક્ષરધામ કહે છે. જેના એક-એક રોમમાં કોટી-કોટી સૂર્ય અને ચંદ્ર જેવા પ્રકાશ રહ્યા છે એવાં અનંત ભક્તો (મુક્તો) ત્યાં રહ્યા છે. ત્યાં કાળનો પ્રવેશ નથી, દુઃખનો લેશ નથી. તે ધામનું સમગ્ર તેજ ભેગું કરીઓ તોપણ ભગવાનના એક રોમના તેજ બરાબર ન આવે. એવું દિવ્યધામ અને એ ધામમાં રહ્યા જે પુરુષોત્તમ ભગવાન તે જ આ શ્રીહરિ છે એવું ધ્યાનમાં દેખતા. જ્યારે ભગવાન અનંત જીવોને શરણે લેવા આવે છે ત્યારે જીવોના દોષ-અદોષ જોતા નથી તેમ મતવાદીઓ શ્રીહરિને પોતાના ઈષ્ટદેવના દર્શન કરવા કહ્યું ત્યારે તેમને ધ્યાનમાં બેસારી સમાધિ કરાવી જેમાં પોતાના ઈષ્ટદેવરૂપે શ્રીહરિને દીઠા, અને તે તે રૂપે કહેવા લાગ્યા કે જેમ ચિંતામણીથી અધિક કોઈ દ્રવ્ય નથી તેમ શ્રીહરિથી અધિક કોઈ દેવ નથી માટે મોક્ષ જોઈતો હોય તો મન-કર્મથી તેમને ભજો. અમે પણ એમની મરજી જોઈને ચાલીએ છીએ. આવો અવતાર કોઈ વખત થયો નથી. જેના ભાગ્ય હશે તેને મનાશે. જેમ ચંદ્ર અને સૂર્યના તેમજ દિવો, મશાલ, વીજળી, વડવાનળ અગ્નિના પ્રકાશમાં ભેદ છે તેમ અન્ય અવતારાદિક તથા શ્રીહરિનું સમજવું. રામાનુજાચાર્યના આશ્રિતો વૈકુંઠને વિષે લક્ષ્મીનારાયણ, રામાનંદી હતા તે શ્વેતવૈકુંઠને વિષે રામચંદ્રજી રૂપે, શંકરાચાર્યના મતના શ્રીહરિને બ્રહ્મજ્યોતિરૂપે, તેવી જ રીતે વલ્લભ, નિમ્બાર્ક, માદવ સંપ્રદાયના વૃંદાવનને વિષે શ્રીકૃષ્ણરૂપે તેમજ અન્ય જે જે ઉપાસકો હતા તેમને તે તે પોતાના ઈષ્ટદેવરૂપે શ્રીહરિને દિઠા. આવો જે અપાર પ્રતાપ શ્રીહરિએ દેખાડ્યો તેનું વર્ણન કોઈથી ક્યારેય કરી શકાય એમ નથી. દશેરાના દિને શ્રીહરિ ચાલવાની તૈયારી કરી. રાજાને જાણ થતા તેમણે શ્રીહરિને પ્રેમથી હાથી ઉપર બેસારી પોતાના રાજદ્વારમાં લાવ્યા. શ્રીહરિની પૂજા કરી વસ્ત્ર, આભૂષણ, મોતીના તોરા, બાજુબંધ, કુંડળ વગેરે પહેરાવ્યા સંતોને પણ ફુલાહાર પહેરાવી એક-એક વસ્ત્ર ઓઢાડ્યું. શ્રીહરિને ફરીથી દર્શન દેવા પધારવા પ્રાર્થના કરી. શ્રીહરિએ  રાજાને રાજદ્વારમાં જ ઉભા રાખી બહાર આવી સવારીમાં ચાલવા લાગ્યા. માંગરોળથી વિદાય લઈ શ્રીહરિ કાલવાણી પધાર્યા.

## શ્રીહરિનું સોરઠ વિચરણ અને આશ્રિતોને સમાધિ

- શ્રીહરિનો આવો પ્રતાપ જોઈ તેમના આશ્રિતજનો ચારેબાજુથી દર્શન કરવા આવવા લાગ્યા. હરિભક્તોમાં પર્વતભાઈની મોટપ સહુથી અધિક હતી. શ્રીહરિની મૂર્તિ પળમાત્ર પણ અલગ રહેતી નહિ. એક શ્વાસ પણ મૂર્તિના સ્મરણ વિના જાય નહિ. એવી રીતે જ રહી ઘરનો વ્યવહાર કરતા. શ્રીહરિ પણ પર્વતભાઈને પોતાની બધી વાત કહેતા. અને બીજો કોઈ કપટ તજીને પૂછે તો પર્વતભાઈ પણ તે ભક્તને શ્રીહરિની રુચી અને મહિમા કહેતા. શ્રીહરિ કાલવાણી અગત્રાઈ ત્યાંથી પીપલાણા, ત્યાંથી માણાવદર પધાર્યા. ત્યાંના રાજાએ શ્રીહરિને પ્રેમથી જમાડ્યા. રાજાની રાણી શ્રીહરિનો અપાર મહિમા જાણતી અને કોઈને ન કહેતા શ્રીહરિને મનમાં સંભારતી. ધનતેરસ દિવાળી અને અન્નકુટ ઉત્સવ માણાવદરમાં કર્યો. બાટવાના રાજા ધુલેખાન શ્રીહરિના દર્શન કરવા આવ્યા. મનમાં કુરાનની જે જે વાત ચિંતવેલ તે શ્રીહરિ કહી બતાવી. તેમણે શ્રીહરિને સમાધિ કરવા પ્રાર્થના કરી શ્રીહરિએ તેમને નહિ પણ ગોંડલના શેખજી પઠાણ જે શેતાનવૃત્તિનો હતો તેને સમાધિ કરાવી શેખજી સમાધિમાંથી બહાર આવી વાત કરી તે જાણી ધુલેખાન આશ્ચર્ય પામ્યો. તેવી જ રીતે માળીયાના મુળજી લુવાણાઆને સમાધિ કરાવી તેમના પગ પર લાલ અંગારા મુકાવ્યા પણ તેની ખબર તેને રહી નહિ. શ્રીહરિએ રાજાને અહિંસા અને નિષ્કામ ધર્મનો ઉપદેશ આપ્યો. ધુલેખાન શ્રીહરિના દર્શન કરી વિદાય લીધી. માણાવદરના રાજા તથા સંત-હરિભક્તોએ દિવાળીના દિવસે શ્રીહરિની પૂજા કરી અન્નકુટને દિવસ જાત જાતના ભોજન શ્રીહરિને જમાડ્યા.

**અનુ. પેજ ૧૮...**



# સહજ અમૃત

★ જીવના કલ્યાણ અર્થે જીવના બુધ્ધિ, ઈન્દ્રિય, મન અને પ્રાણ તેને સૃજતા હવા અને જીવ તો સત્તામાત્ર છે અને ચૈતન્ય વસ્તુ છે અને તેનો ચમક પાણની પેઠે ચોટવાનો સ્વભાવ છે તેથી માયિક એવા જે સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ શરીર તેનો સંબંધ વર્તે છે.

★ અને એ જીવ અજ્ઞાને કરીને તે શરીરને વિષે પોતાપણું માને છે. એમ જીવ નિરાકાર છે. અને જ્યારે જીવને અજ્ઞાનની નિવૃત્તિ થાય છે ત્યારે એ જીવને સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ માયિક ત્રણ દેહનો સંબંધ રહેતો નથી ત્યારે એ જીવ આઠ પ્રકારની પ્રકૃતિ તે થકી જુદી જે ચૈતન્ય પ્રકૃતિ તેનો ભગવાનની ઈચ્છાએ કરીને દેહ બંધાય છે, અને તેણે યુક્ત થકો ભગવાનના અક્ષરધામને વિશે રહે છે. (ગ.મ.૬૬)

★ અષ્ટાંગ યોગ સિદ્ધ થાય છે. અથવા આત્મદર્શન થાય છે. તે તો ભગવાન અને ભગવાનના સંતની કૃપા થકી થાય છે. પછી જો ભગવાન અને ભગવાનના સંત તેને વિષે વૃત્તિ ગૌણ થઈ જાય અને અષ્ટાંગ યોગ અને આત્મદર્શન એને વિષે લગ્નિ લાગે તો તેને વિષે એ ખોટ છે. માટે જેમ શુકદેવજી બ્રહ્મ સ્વરૂપ થયા હતા તો પણ અતિ પ્રિતીએ કરીને શ્રીમદ્ ભાગવત ભણ્યા અને આજ દિન સુધી ભગવાનની ભક્તિને જ કરે છે. તેવી રીતે શૌનકાદિક અઠયાસી હજાર ઋષી તે બ્રહ્મ સ્વરૂપ છે તો પણ સુતપુરાણીના મુખ થકી ભગવાનની કથાને સાંભળે છે. માટે એવી ખોટય ટાળ્યા ને અર્થે ભગવાનને પ્રાર્થના કરવી જે હે મહારાજ ! મારામાં જે જે ખોટય હોય તે કૃપા કરીને નાશ કરજો એમ સ્તુતિ કરવી. એમ કરીને એ ખોટય ટાળવી. (ગ.મ.૬૬)

★ જેને ભગવાનનો યર્થાથ નિશ્ચય હોય તેને તો જંત્ર - મંત્ર, પરચા - ચમત્કાર દેખીને કયાંય મન ડોલે નહિ અને ભગવાન વિના બીજે કયાંઈ પ્રતીતિ આવે જ નહિ. અને જો બીજે પ્રતીતિ આવે છે તો તેને ભગવાનનો નિશ્ચય જ નથી. (ગ.મ.૬૬)

★ જેને ભગનાવ અને ભગવાનના સંતની સાક્ષાત પ્રાપ્તિ થઈ છે તેને જીવતા તો ભગવાનના કથા-કીર્તન કરતાં થકા જ દિવસ ને રાત્રી વિતે છે. અને ત્રણ અવસ્થાથી પર જે પોતાનો જીવાત્મા તેનું બ્રહ્મરૂપે જ દર્શન થાય છે. અને ભગવાન વિના અન્ય પદાર્થ માત્રને વિષે વૈરાગ્ય થાય છે, અને અધર્મનો ત્યાગ કરી ધર્મને વિષે રહેવાય છે. અને દેહ મુકયા બાદ કાળ, કર્મ, માયા થકી રહીત તેને કરી ભગવાન પોતા જેવો જ તે ભક્તને કરી અખંડ પોતાની સેવામાં (મૂર્તિનું સુખ લેવામાં) રાખે છે. (ગ.મ.૬૬)



# અબજ અમૃત

★ જે ગાળો બોલે, ચોરી કરે, જુઠું બોલે તેને તો શ્રીજીમહારાજ ઓળખાયા જ છે ક્યાં? મનમાં ખોટા ઘાટ થાય તે પણ શ્રીજી મહારાજ જાણે છે એવું નથી સમજાણું તેને નિશ્ચય નથી. અને સંપ્રદાયમાં બેઠા હોય, કથા-વાર્તા કરતા હોય, અને એમના કહેવાતા હોય તો પણ આજ્ઞા ન પાળે તે શાહુકાર ચોર કહેવાય તેને પણ નિશ્ચય ન કહેવાય. ભગવાનના ભક્તે રજોગુણમાં પ્રવર્તવું નહિ અને ભગવાનના ભક્ત આગળ માન ન રાખવું. મોટા આગળ માન રાખે તે નડે ખરું. સ્વામિનારાયણનો રસ કાંઈક આવ્યો હોય તો એ સર્વે મુકાય (૧/૨૪૬)

★ સારંગપુરના ૧૭મા વચનામૃતમાં મહાતેજ જેવા મુક્ત કહ્યા તે પરમ એકાંતિક મુક્તની સ્થિતિ છે. તમો તો આ જોગથી અને કૃપાથી મહાતેજથી પર અનાદિમુક્તરૂપ થયા છો અને જણાતું નથી તેનું તો એમ છે જે જેમ પક્ષીનું ઈંડું પરાધીન છે પણ જ્યારે ઈંડું ફુટીને પાંખો આવશે ત્યારે આકાશમાં રહેશે માટે તે ખેચર કહેવાય. તેમ પુરુષોતમના આશ્રિત (જેમને પરિપક્વ નિશ્ચય છે તે) સર્વે દેહના આવરણમાં છે ત્યાં સુધી ઈંડાની પેઠે પરાધીન છે પણ જ્યારે દેહ મેલશે ત્યારે આવરણ રહિત થઈને પુરુષોત્તમના સુખમાં (મૂર્તિમાં) રમશે. એ મૂર્તિમાં અપાર અને અલૌકિક સુખ છે તે અનંત મુક્ત મૂર્તિમાં રહીને ભોગવે છે તે પણ પાર પામી શકતા નથી. એમ મહારાજની મૂર્તિના સુખનું અપારપણું છે (૧/૨૪૭)

★ બાપાશ્રીએ ઘાંટીલાના હરિભક્તોની પ્રશંસા કરી કહ્યું જે, ''એક એક સંતમાં અનેક મુનિના વૃંદ'' એવા સંતનો સમાગમ કરજો તો મોક્ષમાં વાંધો નહિ આવે. આવા સંતનો જોગ, સમાગમને સેવા કરજો તો જીવતા રહેશો. તમારે માયા ટાળવી હોય તો મહારાજને અને અમને ભૂલશો નહિ. અમારાથી જુદા પાડે એવાનો સંગ કરશો નહિ. જો એવાનો સંગ કરશો તો જેમ બાર સાહેબે મળીને વાઘ માર્યો. પછી તેના પાસે ગયા ત્યારે વાઘ ઉઠીને બારેના પ્રાણ લીધા તેમ થાય. માટે તેવું ન કરશો. (૧/૨૪૮)



સત્સંગમાં પંચવર્તમાને યુક્ત સંત-હરિભક્તોનો દ્રોહ કરે તેને શ્રીજી મહારાજ તેડવા ન આવે.

# દિવ્યામૃત



## સદ્. શ્રી કેશવપ્રિયદાસજી સ્વામી

• વડતાલનું પહેલું વચનામૃત વંચાણું, એમાં મહારાજને શોભારામ શાસ્ત્રીએ પૂછ્યું કે હે મહારાજ! ભગવાનનો ખરેખરો ભક્ત હોય પણ જ્યાં સુધી એને નિર્વિકલ્પ સમાધિ ન થાય ત્યાં સુધી એકાંતિક ન થાય. અને ત્યાં સુધી એનો આત્યંતિક મોક્ષ પણ ન થાય. માટે નિર્વિકલ્પ સમાધિ ન થાય ત્યાં સુધી એની શી ગતિ થાય? શાસ્ત્રીનું એમ કહેવું હતું કે નિર્વિકલ્પ સમાધિ થાય તો જ ખરો મોક્ષ થાય. મહારાજ કહે નિર્વિકલ્પ સમાધિ તમે કોને કહો છો? ત્યારે કહે પ્રાણ-નાડીઓ બંધ થઈ જાય, નાડીઓ બંધ થઈ જાય ને શરીર મડદા જેવું થઈ જાય. જીવ સમાધિમાં ઊંડો ઉતરી જાય, એને નિર્વિકલ્પ સમાધિ કહેવાય. મહારાજ કહે શાસ્ત્રમાં એમ કીધું હશે તમે એમ માનો છો પણ અમે એને નિર્વિકલ્પ સમાધિ કહેતા નથી પ્રાણ-નાડી બંધ થાય અને મહારાજ કહે અમે નિર્વિકલ્પ સમાધિ કહેતા નથી. અમે કેને નિર્વિકલ્પ સમાધિ કહીએ છીએ? તો પ્રગટ ભગવાન મળે ને ભગવાનના સ્વરુપનો નિશ્ચય પાકો થઈ જાય. કે આ ભગવાન હશે કે નહિ હોય એવો તર્ક ન રહે. જેમ બાપાએ મૂર્તિ બતાવી કે આ ભગવાન બેઠા. ત્યારે કલ્યાણસિંહજીને એમ થઈ ગયું કે, અહીં પ્રગટ ભગવાન બેઠા જ છે. જે દાદાખાચરના દરબારમાં હતા એવા ને એવા જ છે. અક્ષરધામમાં જેવા છે એવા જ છે. એવો નિશ્ચય થઈ જાય તો એનું કામ થઈ જાય. એ જ નિર્વિકલ્પ સમાધિ. બાપા કહે એને નિર્વિકલ્પ સમાધિ થઈ ગઈ એના પ્રાણ નાડી બંધ થઈ ગયા ને એનો દેહ ગયો ને એ મુક્ત થઈ ગયો. અને ન મનાય કે આ તો પ્રતિમા છે, તો મહારાજ કહે એ ધ્યાન કર્યા કરે તો એનો મોક્ષ થવો કઠણ છે. મૂર્તિ વિના ધ્યાન શું કરે? એને મોક્ષની વાર લાગે માટે એવો મહારાજનો નિશ્ચય પાકો કરવો જોઈએ કે, આપણને સ્વામિનારાયણ ભગવાન મળ્યા, બાપા મળ્યા. બાપા પણ જીવોના મોક્ષ કરવા જ આવ્યા હતા. અને જેને જેને એના વચનમાં વિશ્વાસ આવ્યો, એના મોક્ષ પણ કર્યા.

## અ.મુ.પ.પૂ. શ્રી સોમચંદબાપા



• શ્રીજી મહારાજ દૃષ્ટિમાત્રે નિરાવરણ કરી દેતા, સમાધિ કરાવી ધામનો અનુભવ કરાવતા, એવું ઘણું લખાયું છે, પણ ધામ અને મૂર્તિ છેટે નહિ. જેમ કોઈ રાજા અન્ય વેશમાં હોય તેને રાજાનું જ્ઞાન થતાં દૂર-નજીક રહે નહિ, તેમ શ્રીજીમહારાજની મૂર્તિ ધામમાં છે તે જ ભક્તિધર્મને ઘેર છે અને તે જ સિંહાસનમાં મૂર્તિરુપે દર્શન આપે છે. આ ત્રણેય સ્વરુપમાં રોમને ફેર નથી, એમ બાપાશ્રી સમજાવે છે. એ જ રીતે જ્યાં મૂર્તિ છે ત્યાં જ અનંત અનાદિ મુક્તો ભેળાને ભેળા જ છે, ક્ષણમાત્ર જુદા રહેતા નથી.

• આપણે તો છેલ્લી પ્રાપ્તિ અને છેલ્લો મુદ્દો અનાદિનો જાણવો. તેમાં બધુંય આવી જાય છે. ખરો આત્યંતિક મોક્ષ આ એક જ છે. ત્યારપછી ઉત્તરોત્તર સ્થિતિમાં જેવી સ્થિતિ તેવું સુખ.

• બાપાશ્રી સમજાવે છે કે આવી દિવ્યસભાનો જોગ અખંડ રાખવો, કેમ કે આ સભા અક્ષરધામનો દરવાજો છે, એટલે જીવને અનાદિમુક્ત કરી મૂર્તિનું સુખ પમાડે છે. ધ્યાન, ભજન, કથા, વાર્તામાં મૂર્તિનું અનુસંધાન રાખવાનું કહે છે. આપણે દરેક ક્રિયામાં એ તાન રાખવું.



## અ.મુ.પ.પૂ. શ્રી જાદવજીબાપા

• સમજણ પાકી કરવી. અને સત્સંગને સાચો માનવો સત્ય એવા જે આત્મા, સત એવા જે પરમાત્મા, સત્પુરુષમાં હેત, આત્મબુદ્ધિ ને પ્રીતિ. ખરેખરુ એને વિષે હેત ને પતિવ્રતાની ભક્તિ, વૈશ્યાની જેવી ભક્તિ નહિં. આંય હાથ જોડ્યા...ત્યાં હાથ જોડ્યા... પણ ત્યાં સુધી એ રખડ્યા કરે. ધોબીના કૂતરાનો દાખલો દીધો. ધોબીનો કૂતરો એટલું જાણે કે આ ભીના પગવાળો મારો ધણી. ચોમાસામાં બધાના પગ ભીના. ઉ કને ધોડે, ઉ કને ધોડે..કોઈ ટાંગો મારે, કોઈ લાઠી મારે.. લૂલો થઈ ગ્યો. એમ, આપણા સ્વામિનારાયણ ભગવાન વિના બીજે ક્યાંય પણ હેત ને પ્રીતિ ન રાખવી. ખરો સત્સંગ આને કહેવાય.

•જ્યાં દેહના ભાવ ભૂલાણા નથી. ત્યાં સુધી મહારાજ સુખ નથી આપતા. દેહના ભાવ ભૂલાવીને પોતાના સુખમાં રાખી દેશે..એવો નિશ્ચય પાકો કરવો. અને ભગવાનની ભક્તિ જે આત્માની શુદ્ધિ કરાવે. ભગવાનનું અખંડ ચિંતવન થાય ત્યારે ભગવાન પોતાના જેવા કરી નાખે છે. એને માયા પછી પરાભવ નથી કરી શકતી. જ્યાં સુધી જેમ છે એમ મહિમા નથી સમજાતો ત્યાં સુધી એનું એ વિઘન માથે રહેશે. વૈરાગ્ય છે.ભક્તિ છે. બધું છે..પણ, મહિમા વિના એ ભક્તિ નાશ પામી જાય. વૈરાગ્ય પણ વયો જાય. પણ મહિમા જાણવો જોઈએ કે ભગવાન કેવા છે? સર્વે કર્તા હર્તા, કારણ, નિયંતા, આધાર, સુખદાતા, અનંત કોટી બ્રહ્માંડ..જેના કહ્યામાં રહ્યા છે. એવા જે ભગવાન દયા કરી  ભક્તોના સુખને અર્થે, એની સેવા અંગીકાર કરવા પધાર્યા. સાધનથી કાંઈ ન થાય. સાધન છે પ્રસન્નતાને અર્થે કરવા. પોત પોતાના નિયમમાં ખબરદાર થઈ રહેવું. તપે કરીને કાંઈ ભગવાન રાજી નથી થાતા. સદાય તપમાં તો તમોગુણ વધે. તો તપ કયું? તપ તો ભગવાનના સ્વરુપમાં અખંડ વૃત્તિ.બધેથી અરુચિ કરી નાખવી તેને તપ કહ્યું. આવા ભગવાન આપણને  મળ્યા ક્યારે કહેવાય? ઓળખાણા ત્યારે મળ્યા.



## અ.મુ.પ.પૂ. શ્રી નારાયણમામા

• મહારાજની મૂર્તિનું ધ્યાન કરવા માટે આપણા દેહને ભૂલો. આવું ધ્યાન શીખવાને માટે મહારાજે એકવાર ગોપાળાનંદ સ્વામીને કહ્યું કે સ્વામી, તમે આકારે રહિત વર્તો. ત્યારે બધાને વિચાર આવ્યો કે આ તો મહારાજે નિરાકારની વાતો કરી નાખી. આમ તો સાકાર મૂર્તિનું પ્રતિપાદન કર્યું છે અને આજે શું આના ઉપર ચડી ગયા? આજે મહારાજ શું એકદમ ભાવમાં આવી ગયા? બધાને વિચાર થયો, પણ કોઈએ મહારાજને પૂછ્યું નહિ. સ્વામી તો સ્તબ્ધ થઈને બેસી રહ્યા. સ્વામી બધું સમજી ગયા.

•એકવાર સભા થઈ ત્યારે કહે મહારાજને પૂછવું કે આ શું કર્યું. પછી કહે રહેવા દોને! ગોપાળાનંદ સ્વામીને જ પહેલા પૂછીએ. પછી કહે હા, ચાલો સ્વામીને આસને જઈને ગોપાળાનંદ સ્વામીને પૂછીએ. સ્વામી પાસે ગયા અને સ્વામીને પૂછ્યું કે મહારાજે વાત કરી કે આકારે રહિત વર્તો. સ્વામી, એ શું કાંઈ સમજાયું નહિ. સ્વામી કહે મહારાજ કહે છે, આપણે સદાય આ આકારે સહિત વર્તીએ છીએ એ દુઃખ મોટું છે. દેહભાવમાં વર્તીએ છીએ. આ આકાર ભૂલાતો જ નથી. માટે એમ કહ્યું કે આ (દેહનો) આકાર ભૂલીને અમારા આકારે વર્તવાનું, પુરુષોત્તમરુપ બનવાનું. ત્યારે પુરુષોત્તમરુપ બનવાનો અર્થ એ છે કે પુરુષોત્તમરુપ બનવું હોય તો આ દેહનું ખોખું ભૂલવું પડે કે નહિ? દેહમાંથી રાગ ત્યારે જ ટળી જાય કે જ્યારે આ દેહ ભૂલાય. દેહ ભૂલવા માટેનો એક સારો રસ્તો એ આ પ્રતિલોમ ધ્યાનનો છે. દેહ ભૂલીને ભગવાનનું સ્વરુપ ધારવું. એના ઉપર એકદમ એકાગ્રિત થાવ. એટલે મહારાજનું સ્વરુપ તમને દેખાય. પછી હાલતા-ચાલતા તમે એમ જ દર્શન કરો છો કે મહારાજ હાલે છે, મહારાજ ચાલે છે એવું તમને દર્શન થાય છે. પોતે ભગવાન બની જવાતું નથી. એ તો દેહભાવમાં જ્ઞાન ન હોય ત્યારે એવું સમજે છે. વધુ દાસપણું આવતું જાય છે ને ભગવાનના અખંડ દર્શન કરે છે. ત્યારે અખંડ દર્શન કોણ કરે? સેવક હોય એને આનંદ આવે કે નહિ? ત્યારે એ રીતે ધ્યાન કરવાથી વધુ સારું ધ્યાન થાય છે.

# ભગવાનના ભક્તનો પક્ષ રાખવા વિષે

શ્રી રાજ વકીલ - અમદાવાદ

મહારાજે અને મુક્તોએ ભગવાનના ભક્તનો પક્ષ રાખવાની ઘણી વાતો કરી છે અને એના ઉપર ભાર મુક્તા એમ જણાવ્યું છે કે પંચ વર્તમાનરૂપી આજ્ઞા અને સર્વોપરી ઉપાસનાએ યુક્ત એવા ભગવાનના ભક્તનો પક્ષ રાખવાથી પોતાની અતિ પ્રસન્નતા થાય છે આ બાબતે આપણે વચનામૃત અને બાપાશ્રીની વાતોના કેટલાક સંદર્ભો જોઈએ.

મહારાજે મધ્યના ૬૧માં કહ્યું કે જેમાં ત્રણ વાનાં હોય તે પાકો સત્સંગી કહેવાય, તે ત્રણ વાનાં કિયાં તો એક તો પોતાના ઈષ્ટદેવે જે નિયમ ધરાવ્યાં હોય તે પોતાના શિર સાટે દઢ કરીને પાળે, પણ એ ધર્મનો કોઈ દિવસ ત્યાગ ન કરે, અને બીજો ભગવાનના સ્વરૂપનો જે નિશ્ચય તે અતિશે દઢપણે હોય તેમાં કોઈ સંશય નાખે તો સંશય પડે નહિ ને પોતાનું મન સંશય નાખે તો ય પણ સંશય પડે નહિ, એવો ભગવાનનો અડગ નિશ્ચય હોય, અને ત્રીજો પોતાના ઈષ્ટદેવને ભજતા હોય એવા જે સત્સંગી વૈષ્ણવ તેનો પક્ષ રાખવો તે જેમ માબાપ દીકરા, દીકરી તેનો પક્ષ રાખે છે, ને જેમ પુત્ર હોય તે પોતાના પિતાનો પક્ષ રાખે છે, ને જેમ સ્ત્રી હોય તે પોતાના પતિનો પક્ષ રાખે છે, તેમ ભગવાનના ભક્તનો પક્ષ રાખવો એ ત્રણ વાનાં જેમાં પરિપૂર્ણ હોય તે પાકો સત્સંગી કહેવાય.

એજ વચનામૃતના રહસ્યાર્થમાં પ્રશ્ન છે કે સત્સંગીનો પક્ષ રાખવાનો કહ્યો તે કેવા સત્સંગી હોય તેનો પક્ષ રાખવો? મહારાજે એજ વચનામતમાં સત્સંગીના લક્ષણો જણાવતા આગળ કહ્યું કે હરિભક્તની સભામાં મોઢા આગળ આવીને બેસતો હોય ત્યારે બીજાને એમ જણાય જે એ મોટેરો સત્સંગી છે પણ મોટેરાની તો એમ પરીક્ષા છે, જે ગૃહસ્થ હોય તે તો પોતાનું જે સર્વસ્વ તે ભગવાન ને ભગવાનના ભક્તને અર્થે કરી રાખે અને સત્સંગને અર્થે માથું દેવું હોય તો દે, અને જે ઘડીએ પોતાના ઈષ્ટદેવ આજ્ઞા કરે જે તું પરમહંસ થા, તો તે તત્કાળ પરમહંસ થાય, એવાં જેનાં લક્ષણ હોય તે હરિભક્તની સભાને આગળ બેસે અથવા વાંસે બેસે, પણ તેને જ સર્વે હરિભક્તમાં મોટેરો જાણવો અને જે ત્યાગી હોય તે જ્યારે દેશ-પરદેશમાં જાય ને ત્યાં કનક-કામનીનો યોગ થાય તો ય પણ તેમાં ફેર પડે નહિ, અને પોતાના જે જે નિયમ હોય તે સર્વે દઢ કરીને રાખે તે સર્વે ત્યાગીમાં મોટેરો કહેવાય. બાપાશ્રીએ ઉપરોક્ત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું કે આવા લક્ષણે યુક્ત ગૃહસ્થ અથવા ત્યાગી હોય તેવાનો પક્ષ રાખવો, ને એવાને દુઃખે દુઃખી થાવું.

પક્ષ રાખવા વિષે મહારાજે મધ્યના ૫માં જણાવ્યું કે લોકમાં એમ કહે છે જે, સાધુને તો સમદષ્ટિ જોઈએ પણ એ શાસ્ત્રનો મત નથી કેમ જે નારદ-સનકાદિક ને ધ્રુવ-પ્રહ્લાદિક તેમણે ભગવાન અને ભગવાનના ભક્તનો જ પક્ષ રાખ્યો છે, પણ વિમુખનો પક્ષ કોઈએ રાખ્યો નથી અને જે વિમુખનો પક્ષ રાખતો હશે તે આ જન્મે અથવા બીજા જન્મે જરૂર વિમુખ થાશે, માટે જે ભગવાનના ભક્ત હોય તેને જરૂર ભગવદિનો પક્ષ રાખ્યો જોઈએ અને વિમુખનો પક્ષ ત્યાગ્યો જોઈએ, આ અમારી વાર્તાને સર્વે અતિ દઢ કરીને રાખજ્યો.

વળી છેલ્લાના ૭માં જણાવ્યું કે જેને પોતાનું

કલ્યાણ ઈચ્છવું તેને તો ભગવાન ને ભગવાનના સાધુ એથી ઉપરાંત બીજું કાંઈ જગતમાં સુખદાયી નથી. માટે જેમ પોતાના શરીરને વિષે જીવને આત્મબુદ્ધિ વર્તે છે, તેવી ભગવાન ને ભગવાનના સંતને વિષે આત્મબુદ્ધિ રાખી જોઈએ અને ભગવાનના ભક્તનો પક્ષ દૃઢ કરીને રાખ્યો જોઈએ, અને તે પક્ષ રાખતાં થકાં આબરુ વધો અથવા ઘટો અથવા માન થાઓ કે અપમાન થાઓ અથવા દેહ જીવો કે મરો પણ કોઈ રીતે ભગવાન ને ભગવાનના ભક્તનો પક્ષ મૂકવો નહિ. ને એમનો અભાવ આવવા દેવો નહિ, અને ભગવાનના ભક્ત જેવાં દેહ ને દેહનાં સગાં-સંબંધીને વહાલાં રાખવાં નહિ, એવી રીતે જે હરિભક્ત વર્તે તેને અતિ બળવાન એવા જે કામ-ક્રોધાદિક શત્રુ તે પણ પરાભવ કરી શકતા નથી.

પ્રથમના ૭૮ના ૬ઠ્ઠા પ્રશ્નમાં સત્સંગને વિષે અચળ પાયો જેનો હોય તે કેમ જણાય અને માનાદિક જે શત્રુ તે કિયે પ્રકારે કરીને નાશ પામે તેના ઉત્તરમાં મહારાજે કહ્યું કે જેને સત્સંગનો અતિ દૃઢ પક્ષ હોય તે જ્યારે કોઈ સત્સંગનું ઘસાતું બોલે ત્યારે ખમી શકે જ નહિ, જેમ પોતાના કુટુંબી હોય ને તે સાથે કચવાણ થઈ હોય તો પણ જ્યારે તેનું કોઈ ઘસાતું બોલે ત્યારે ખમાય નહિ, એવી રીતે જેવો દેહના સંબંધીનો પક્ષ છે તેવો જેને સત્સંગનો પક્ષ હોય તેનો પાયો સત્સંગને વિષે અચળ છે માટે જેને સત્સંગનો પક્ષ હોય તેના માન,મદ,મત્સર, ઈર્ષ્યા આદિક સર્વ શત્રુનો નાશ થઈ જાય છે. અને જેને સત્સંગીનો પક્ષ ન હોય અને સત્સંગી ને કુસંગીને વિષે સમભાવ હોય તો ગમે તેવો સત્સંગમાં મોટો કહેવાતો હોય પણ અંતે જાતાં જરૂર વિમુખ થાય.

મધ્યના ૨૬માં મહારાજે કહ્યું કે જે ભગવાનનો ભક્ત હોય તેને તો ભગવાનને તથા ભગવાનના ભક્તને જે ન ગમતું હોય તે ન જ કરવું અને પરમેશ્વરને ભજ્યામાં અંતરાય કરતા હોય ને તે પોતાનાં સગાં-વહાલાં હોય તેનો પણ ત્યાગ કરવો, અને ભગવાનને ન ગમે એવો કોઈક પોતામાં સ્વભાવ હોય તો તેનો પણ શત્રુની પેઠે ત્યાગ કરવો, પણ ભગવાનથી જે વિમુખ હોય તેનો પક્ષ લેવો નહિ, જેમ ભરતજીએ પોતાની માતાનો પક્ષ ન લીધો.

મધ્યના ૬૦માં મહારાજે કહ્યું કે જે ભગવાનનો ભક્ત હોય તે તો હરિભક્તને દુઃખે કરીને જરૂર દુઃખિયો થાય અને જે ભગવાનનો ભક્ત હોય ને તેને કોઈક મારી નાખતો હોય અથવા તેને કોઈક દુઃખ દેતો હોય ને તે ભગવાનના ભક્ત આડો જાઈને જો મરે કે ઘાયલ થાય, તો શાસ્ત્રમાં એમ કહ્યું છે જે તેનાં બ્રહ્મહત્યાદિક જે પંચમહાપાપ તે સર્વે મટી જાય છે એવો ભગવાનના ભક્તનો પક્ષ રાખ્યાનો પ્રતાપ છે. અને જેવો પોતાનાં સગાં વહાલાં હોય અથવા માબાપ હોય તેનો પક્ષ રહે છે તેવો ભગવાનના ભક્તનો દૃઢ પક્ષ રાખવો, અને ભગવાનના ભક્ત સાથે કોઈ રીતનો વિક્ષેપ થાય તો જળમાં લીટાની પેઠે ફેર એક થઈ જાય પણ આંટી રાખે નહિ, તે જ ભગવાનનો યથાર્થ ભક્ત કહેવાય. અને અમારો દયાવાળો જીવ છે તો પણ જો કોઈક ભગવાનના ભક્તને ક્રૂર દૃષ્ટિએ કરીને જોતો હોય ને તે જો પોતાનો સગો-વહાલો હોય તો પણ જાણીએ જે તેની આંખ ફોડી નાખીએ, અને હાથે કરીને જો ભગવાનના ભક્તને દુબે તો તે હાથને કાપી નાખીએ એવો તેનો અભાવ આવે છે, પણ ત્યાં દયા નથી રહેતી; અને એવો જેને ભગવાનનો ને ભગવાનના ભક્તનો પક્ષ હોય તેને જ ભગવાનનો પૂરો ભક્ત કહેવાય.

છેલ્લાના ૩૮માં મહારાજે કહ્યું કે કુસંગી અને સંબંધીમાં હેત હોય તેને જીવતે અને મરીને પણ સુખ તો ક્યારેય ના થાય તેના સંદર્ભમાં બાપાશ્રીએ સ્પષ્ટતા કરી કે જે શ્રીજીમહારાજના આશ્રિત ન હોય એવા સત્સંગ બહારના કુસંગીમાં તથા શ્રીજીમહારાજની આજ્ઞા ન પાળતા હોય એવા ત્યાગીમાં તથા એવા સત્સંગીમાં હેતને પક્ષ હોય તો ત્યાગી તથા ગૃહસ્થને કુસંગમાં હેત કહેવાય. અને પંચવર્તમાને યુક્ત એવા શ્રીજીમહારાજના ભક્ત હોય તેના કરતાં પોતાનાં સ્ત્રી-પુત્રાદિક તથા સગાં-સંબંધી તે શ્રીજીમહારાજનાં ભક્ત ન હોય તો પણ ભક્ત કરતાં વધારે વૃત્તિ ખેંચાય ને વધારે પક્ષ રહે તે ગૃહસ્થને સંબંધીમાં હેત કહેવાય.

બાપાશ્રીએ ૧/૧૫૭ મી વાતમાં જણાવ્યું કે ભગવાનના ભક્તનો પક્ષ ઘવાઈ પડીએ એટલો અથવા જરૂર પડે તો છેવટે મરણ થાય ત્યાં સુધી પણ રાખવો. ગુંદાળી ગામના કાઠીએ મરણ સુધી પક્ષ રાખ્યો તો મોક્ષ થયો. પક્ષ, નિયમ ને નિશ્ચય એ ત્રણે સરખા છે. માટે ભગવાનના ભક્તને દુઃખ પડે તો રક્ષા કરવી અને ભગવાનના ભક્તને પાપી દુઃખ દે તો એના ઉપર દાઝ કરવી ને સત્સંગીને પોતાના ગોત્રી જાણીને પક્ષ રાખવો. આપણે એક બાપના દીકરા છીએ, માટે બધા સત્સંગનો પક્ષ રાખવો. તેમાંયે જે શ્રીજીમહારાજની મૂર્તિમાં જોડાયેલા હોય તેમનો પક્ષ શિર સાટે રાખે તો આત્યંતિક મોક્ષ થાય. વર્તમાનમાં ફેર હોય તો મા, બાપ, દીકરા, દીકરી તે કોઈનો પક્ષ રાખવો નહિ. એક હરિભક્તે દીકરાનો પક્ષ રાખ્યો તો કેદ ભોગવવી પડી. માટે વર્તમાન ન હોય તેને ભેળો રાખવો નહિ ને એનો સંગ પણ ન રાખવો. ભક્તનો પક્ષ રાખવાથી બહુ જ કામ થાય છે. મોટેરાઓએ તો ધર્મ પાળવો ને પળાવવો ને ધર્મવાળાનો પક્ષ રાખવો. પક્ષ રાખવામાં શ્રીજી બહુ રાજી છે. વળી જણાવ્યું કે પક્ષ રાખતાં થકા મરણ થાય એવો પક્ષ રાખે તો નિયમને નિશ્ચયથી પણ પક્ષ વધી જાય એવો છે. આ વાત ઉપર બાપાશ્રીએ લોયાના ૩ના રહસ્યાર્થમાં દ્રષ્ટાંત આપીને સમજાવ્યું કે ગુંદાળી ગામના બે કાઠી હરિભક્તને ઘેર સાધુ આવ્યા તેમને એ કાઠીની માએ રસોઈ કરાવા માંડી તેની ગામના ઘરડેરા કાઠીને ખબર પડી. તેણે સાધુને રસોઈ કરવા દીધી નહિ ને કાઢી મૂક્યા. તે ઘરડેરા કાઠીને મારી નાખ્યો ને પોતે પણ મરાણા એવો પક્ષ રાખ્યો.

વળી બાપાશ્રીએ વાર્તા ૧/૨૦૨માં જણાવ્યું કે શ્રીજીમહારાજનો આશ્રિત હોય, પણ તે શ્રીજીમહારાજના કહેલા ધર્મ ન પાળતો હોય તેને વિમુખ જાણવો. જે અધર્મીનો પક્ષ રાખે તે આ જન્મે અથવા બીજે જન્મે જરૂર વિમુખ થાય; માટે અધર્મી હોય તેનો પક્ષ ન રાખવો. અને તેનો પક્ષ ન રાખવે કરીને કોઈનો ચૂડો નહિ ભાગે; શ્રીજીમહારાજને મૂકશો તો ચૂડો ભાગશે એટલે કલ્યાણ નહિ થાય. જેને શ્રીજીમહારાજને વિષે ને મોટા મુક્તને વિષે દઢ આત્મબુદ્ધિ થઈ હોય ને દેહાભિમાન ટળી ગયું હોય તેનાથી ધર્મનો પક્ષ રહે.

વળી વાર્તા૨/૨૦૪માં જણાવ્યું કે જેને ભગવાનના ધામમાં જાવું હોય તે બરાબર વર્તજો. ધર્મ-નિયમે યુક્ત એવા સાધુની સેવા કરવી અને એવા સાધુ-સત્સંગી સાથે હેત રાખવું; નહિ તો ક્યાંય રખડવું પડશે. જે પાપીનો પક્ષ રાખે તેને દક્ષિણને દરવાજે એટલે યમપુરીમાં જાવું પડે. જે મહારાજની આજ્ઞા પાળતા ન હોય તે પાપી જાણવા ને તેમનો પક્ષ રાખવો નહિ.

આ રીતે મહારાજ તથા બાપાશ્રીએ ભગવાનના દઢ ભક્તને પક્ષ રાખવા ઉપર ખૂબ પ્રસન્નતા જણાવી છે.

ક્રમશઃ



આપણે તો મહારાજ પ્રગટ થયા ત્યારથી આત્યંતિક કલ્યાણની શરદઋતુ બેઠી છે.

# શિક્ષાપત્રીનો મહિમા

શ્રી રાજ વકીલ, અમદાવાદ

આપણે સૌ જાણીએ છીએ તેમ શિક્ષાપત્રી અને વચનામૃત એ ભગવાન સ્વામિનારાયણે વિસ્તારેલ બિનસાંપ્રદાયિક વિશ્વધર્મના બે અજોડ, અનન્ય અને અમુલ્ય ગ્રંથો છે. મહારાજે શિ. શ્લોક ૨૦૯માં જણાવ્યું તેમ ''**मद्रूपमिति मद्वाणी मान्येयं परमादरात्**'' અર્થાત્ ''આ જે અમારી વાણી, તે અમારૂ સ્વરૂપ છે, એ રીતે પરમ આદર થકી માનવી. પૂર્ણ પુરૂષોત્તમ ભગવાને પોતે સ્વ હસ્તે લખેલી વાણી જે શિક્ષાપત્રી તે તેજના પ્રવાહરૂપ છે. ઘોર કળીયુગમાં દેશ, કાળ આદિકને સમાજને, રાષ્ટ્રને તેમજ સમગ્ર વિશ્વને ધ્યાનમાં રાખીને રચેલ આ ૨૧૨ શ્લોકોની શિક્ષાપત્રી ધર્મ, અર્થ, કામ ને મોક્ષ એ ચારેય પુરુષાર્થની સિદ્ધિને નિશ્ચય પમાડનારી છે એમ મહારાજે સ્વયં શ્લોક ૨૦૬માં કહ્યું છે. અને તેથી જ શ્લોક ૨૦૮-૨૦૯ તેમજ વચનામૃત છેલ્લાના પહેલામાં મહારાજે શિક્ષાપત્રીને નિત્યે વાંચવી, વાંચતા ન આવડે તેણે સાંભળવી અને સંભળાવનાર ન હોય તો તેની પૂજા કરવી અને તેમાંથી ફેર પડે તેને એક ઉપવાસ કરવો.'' શ્રીજીમહારાજે કહ્યું છે કે ભગવાનની વાણી અને ભગવાનનું સ્વરૂપ એ ભગવાનને પામવા માટેના પૂરક છે અને તેથી જ કહ્યું છે કે, ભગવાનની આજ્ઞારૂપી નિશાન ચૂકવું નહિ અને ભગવાનની મૂર્તિરૂપી મુકામ મુકવું નહિ. મહારાજે વચનનિવાસી પોતાના હરિભક્તો ઉપર વચનામૃતમાં પણ અતિ પ્રસન્નતા વરસાવી છે અને તેમને આલોક-પરલોક સંબંધી સુખ આપવાનાં વચન પણ આપ્યા છે. પોતે મધ્યના-૫૧માં વચનામૃતમાં એમ પણ કહ્યું કે સત્પુરૂષ અર્થાત્ ભગવાનની આજ્ઞામાં જે વર્તે છે તેજ આત્મસત્તારૂપે વર્તે છે એટલે કે આજ્ઞા આત્મસત્તાનું કામ કરે છે. અર્થાત્ જેમ આત્મસત્તારૂપ એટલે કે આત્મનિષ્ઠ પુરૂષ નિર્વિકારી રહે છે તેમજ મહારાજની વાણીરૂપ જીવન જીવતા ભક્ત નિર્વિકારી રહે છે અને તેમને દેશકાળાદિક વિઘન કરી શકતા નથી. ભગવાન સ્વામિનારાયણે પોતાનું સર્વોપરી સુખ આપવા માટે આ શિક્ષાપત્રીમાં, કેવળ કર્મકાંડરૂપી ધર્મ કે વર્ણાશ્રમના ધર્મ જે સંસારમાં કિર્તી આપનાર છે તે જ નહિ, પરંતુ સુક્ષ્મદેહ એટલે કે અંતઃકરણના ધર્મ અને આત્માનો ધર્મ, જેનું અનુકરણ કરવાથી જીવ સર્વ પ્રકારે નિર્વાસનીક થઈ પરમતત્ત્વ પરમાત્માને પામી શકે, તેને પણ વણી લીધા છે. બીજી રીતે કહીએ તો ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યયુક્ત ભગવાનને વિષે અનન્ય ભક્તિ જેને એકાંતિકની મુક્તિ કહે છે. તેનું રહસ્ય પણ આ નાની ગણાતી એવી શિક્ષાપત્રીમાં મુકી દીધું છે. અને તેથી જ આ સાદી ભાષામાં લખાયેલ શિક્ષાપત્રી આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર કરાવે તેવી છે. મહારાજે શ્લોક ૨૦૪માં કહ્યું કે સર્વે જે સચ્છાસ્ત્ર તેનો જે સાર, તેને અમે અમારી બુદ્ધિએ કરીને ઉદ્ધારીને આ શિક્ષાપત્રી જે તે લખી છે તે કેવી છે તો સર્વ મનુષ્ય માત્રને મનવાંછિત ફળની દેનારી છે. તેમજ ગઢડા મધ્યના ૨૮માં વચનામૃતમાં કહ્યું કે આ વાર્તા જે અમે કરી છે તે કેવી છે તો વેદ, શાસ્ત્ર, પુરાણ આદિક જે જે કલ્યાણને અર્થે પૃથ્વીને વિષે શબ્દ માત્ર છે. તે સર્વેનું અમે શ્રવણ કરીને તેનું સાર કાઢીને આ વાર્તા કરી છે તે પરમ રહસ્ય છે અને સારનું પણ સાર છે અને પૂર્વે જે જે મોક્ષને પામી ગયા છે ને હવે જે જે પામશે અને હમણાં જે જે મોક્ષને માર્ગે ચાલ્યા છે તે સર્વેને આ વાર્તા છે તે જીવનદોરીરૂપ છે. આમ કહેવાનું તાત્પર્ય એ છે કે મહારાજની પરાવાણીરૂપ આ ગ્રંથો સર્વજીવહિતાવહ છે અને તેથી જ આ ગ્રંથો મહારાજના ગૂઢ રહસ્યોથી ભરપૂર છે. અને તેથી જ મહારાજે શ્લોક ૨૦૩માં કહી દીધું કે આ ગ્રંથનો વિસ્તાર તે તો અમારા સંપ્રદાયના જે ગ્રંથ તે થકી જાણવો. અને લોયાના ૧૪માં વચનામૃતમાં પણ કહી દીધું કે એવી રીતે અમારો અભિપ્રાય તથા રૂચિ છે તે અમારી વાર્તાએ કરીને તથા અમે માન્યા જે અમારા સંપ્રદાયના ગ્રંથ તેણે કરીને જો પૂર્વા પર વિચારીને જુએ તો જે બુદ્ધિમાન હોય તેના જાણ્યામાં આવે છે. અને મધ્યના ૫૮માં વચનામૃતમાં પણ પોતાનો સિધ્ધાંત કહી દીધો કે કોઈ પણ સંપ્રદાયની પુષ્ટિ તેના સંપ્રદાયના શાસ્ત્રે કરીને જ થાય છે. પણ બીજા સંપ્રદાયના શાસ્ત્રે કરીને પોતાના સંપ્રદાયની પુષ્ટિ ના થાય. પરંતુ પોતાના કરેલા શાસ્ત્રો માટે પણ મહારાજે જણાવી દીધું કે આ વાર્તા સત્પુરૂષ પ્રગટ થાય છે તે થકી જ સમજાય છે. તેમ કહેવાનું તાત્પર્ય એ કે આ પરાવાણી સર્વજીવહિતાવહ હોવાથી દ્વિઅર્થી છે અને તેથી જ તેના પરોક્ષાર્થ અને પ્રત્યક્ષાર્થ જાણવા ખૂબ જરૂરી બને છે તે માટે શ્રીજીમહારાજની આજ્ઞાથી અ.મુ. શ્રી શતાનંદ મુનિએ શિક્ષાપત્રીની ''અર્થદીપિકા ટીકા'' કરી અને અનાદિ મહામુક્તરાજ, અબજીબાપાશ્રીની આજ્ઞાથી અ.મુ. શ્રી મુનિસ્વામીએ, ''શિક્ષાપત્રી રહસ્યાર્થ''ની રચના કરી જેમાં સ્વામિશ્રીએ શિક્ષાપત્રીના ગૂઢ રહસ્યોની સમજ ખૂબ સરસ રીતે, કેટલાય પરોક્ષ શાસ્ત્રોની પણ શાખ આપીને કરી છે જેણે કરીને મહારાજની આ દિવ્ય પરાવાણીના પરોક્ષાર્થ અને પ્રત્યક્ષાર્થ જેમ છે તેમ સમજી શકાય છે. એવી આ શિક્ષાપત્રી તેનું વાંચન, શ્રવણ નિત્યે કરવું અને શિક્ષાપત્રી જયંતી (વસંત પંચમી)ના દિવસે પૂજન પણ કરવું.



જો કોઈ પોતાનું સર્વસ્વ મહારાજને અર્પણ કરે તો તેને મહારાજ પોતાનું સર્વસ્વ અર્પણ કરે છે.

# વચનામૃતમાં આત્મનિષ્ઠા અને ભગવાનનું મહાત્મ્ય

**ગતાંકથી ચાલુ.....**

*સંકલન :- કલ્યાણ નારણ વેકરીયા-બળદીયા*

વચનામૃતમાં આત્મનિષ્ઠાની દઢતા અને ભગવાનનો મહિમા સમજવાની વાત શ્રીજી મહારાજે સવિષેશ કહી છે, અને સર્વે પ્રશ્નના સમાધાનરૂપ આ વાત કરી છે. આત્મનિષ્ઠામાં ધર્મનિષ્ઠા તથા ત્યાગનિષ્ઠા સમાવિષ્ટ છે અને ભગવાનના મહિમામાં સ્વરુપનિષ્ઠા અને ભક્તિનિષ્ઠા સમાવિષ્ટ છે. તેનું આચમન કરીએ.

## આત્મનિષ્ઠા

**<u>ગ.અંત્ય-૨૨</u>** ગોપીઓ અને નારદ-સનકાદિક પેઠે સખીભાવ કે દાસભાવે ભક્તિ કરવી એ બે એક પ્રકાર જ છે. અને દેહ તો પુરુષનો ને સ્ત્રીનો બેય માયિક છે ને નાશવંત છે અને ભજનનો કરનારો જે જીવાત્મા તે પુરુષ પણ નથી ને સ્ત્રી પણ નથી; એ તો સત્તામાત્ર ચૈતન્ય છે. તે દેહ મૂકીને ભગવાનના ધામમાં જાય છે ત્યારે ભગવાનની મરજી હોય તેવો તેનો આકાર બંધાય છે.(ચૈતન્યપ્રકૃતિનો દેહ બંધાય છે)

**<u>ગ.અંત્ય.૨૪</u>** મોટા મોટા સંત હરિભક્તના અંગ કહીને શ્રીજીમહારાજ બોલ્યા જે ''સર્વે જેમ હમણા આ વર્તમાનકાળે રૂડી રીતે વર્તો છો તથાપિ જો દેશ કાળ, સંગ, ક્રિયા એ ચારનું વિષમપણું થાય તો એમનો એમ રંગ રહે નહિ એ વાતમાં કાંઈ સંશય નથી. પણ જો જ્ઞાનાંશ વધારો હોય તો તે વિષયના બંધનને તોડીને નીકળે.'' તે જ્ઞાનાંશ તે શું? તો એમ સમજણ હોય જે, હું જીવ (આત્મા) છું ને <u>દેહ તે આવો છે અને દેહના સંબંધી તે આવા છે. અને વિરાટ, સુત્રાત્મા ને અવ્યાકૃત જે ઈશ્વરના શરીર અને પ્રકૃતિપુરુષ તે આવા છે ને ભગવાન તે આવી રીતના છે અને ભગવાનનું ધામ આવી રીતનું છે.</u> આવી રીતના જ્ઞાનાંશની દઢ ગ્રંથી પડી હોય, તે પછી વૈરાગ્ય ઉપજે તે વૈરાગ્ય ખરો, અને એ વિના બીજો વૈરાગ્ય તે ઉપરથી તો જણાય પણ એમાં બળ નહિ. અને બળ તો જ્ઞાનાંશથી ઉપજ્યો જે વૈરાગ્ય તેમાં જ છે.

## ભગવાનનું મહાત્મ્ય

**<u>ગ.અંત્ય-૨૩</u>** ભગવાનનું મહાત્મ્ય સમજીને ઋતુ અનુસાર ત્રણે ઋતુમાં ભિન્ન ભિન્ન ઉપચારે ભગવાનની માનસી પૂજા કરે તો તે ભક્તને ભગવાનને વિષે હેતની વૃદ્ધિ થાય છે ને તે જીવને બહુ સમાસ થાય છે. માટે નિત્યે માનસી પૂજા ઋતુ અનુસાર કરવી.

**<u>ગ.અંત્ય-૨૬</u>** આત્મનિષ્ઠાના બળે પોતાને અસંગી સમજી ફાવે તેમ વર્તે, અને ભગવાનના મહાત્મ્યના બળે કરીને ધર્મ વિરુદ્ધ વર્તે એ બે રીતમાં દોષ છે તે ધર્મ પાળવામાં મોટા અંતરાયરૂપ છે. માટે આવી રીતે સમજે તો સારું જે આત્મનિષ્ઠા પણ યથાર્થ હોય અને ભગવાનનું મહાત્મ્ય પણ સારી પેઠે સમજે અને નિષ્કામ, નિર્લોભ, નિઃસ્વાદ, નિઃસ્નેહ, નિર્માન આદિક જે ધર્મ તેને ભગવાનની પ્રસન્નતાને અર્થે સમજીને દઢપણે પાળે ને એમ સમજે જે જો હું ધર્મનો ભંગ કરીશ તો ભગવાન મારા પર કુરાજી થશે. એવી જેને દઢ ગ્રંથી હોય તે ધર્મમાંથી ક્યારેય પડે નહિ.

એવી રીતે ભગવાનનો મહિમા યથાર્થ સમજે ને પોતાના દેહથી વ્યતિરેક જે પોતાનો આત્મા તેને બ્રહ્મરૂપ સમજે ને ધર્મમાં દઢ રહ્યો હોય અને ભગવાનની અચળ ભક્તિ કરતો હોય તો પણ કોઈક સત્સંગમાં કોઈક કાંઈ ન સમજતો હોય ને ભગવાનનો નિશ્ચય તો હોય તેને મોટો જાણે ને તેની આગળ પોતાને તુચ્છ જાણે અને વાર્તા કર્યામાં પોતાના મુખે કરીને પોતાની સમજણનો કેફ કોઈની આગળ લગાર પણ જણાવે નહિ એવો જે હોય તે અમને બહુ ગમે. એવી રીતે શ્રીજીમહારાજે વાર્તા કરી.

**ગ.અંત્ય ૨૭** જે આંટીએ કરીને વર્તમાન પાળતો હોય અને ભક્તિ કરતો હોય તો રાજર્ષિ કહેવાય અને જે પોતાને બ્રહ્મરૂપ માની ભગવાનની પ્રસન્નતાને અર્થે ભક્તિ કરતો હોય તે તો બ્રહ્મર્ષિ કહેવાય ને સાધુ કહેવાય. અને એ બે પ્રકારની ભક્તિ તેના ફળનો ભેદ પણ છે.

અમે આત્માના સ્વરૂપની વાર્તા કરીએ છીએ તથા ભગવાનના સ્વરૂપની વાર્તા કરીએ છીએ પણ નિર્વિકલ્પ સમાધિએ કરીને તથા દેહ મુકીને જેવો ભગવાનના સુખનો અનુભવ અને આનંદ થાય છે તેવો એની કેવળ વાત કરે તેણે કરીને નથી થતો. પણ એ જે બેની (આત્મા અને પરમાત્માની) વાર્તા સાંભળીને તેનું મનન ને નિદિધ્યાસ કરે તો એનો સાક્ષાત્કાર થાય ત્યારે સમાધિએ કરીને જેવો એ બેનો અનુભવ અને આનંદ થાય તેવો જ થાય.

**ગ.અંત્ય ૨૮** ભગવાનના ભક્તને કોઈક કર્મયોગે કરીને શૂળીએ ચડાવ્યો હોય અને તે સમયમાં અમે પણ તેની પાસે ઉભા હોઈએ પણ તે ભક્તના હૃદયમાં એમ ઘાટ ન થાય જે આ ભગવાન મને શૂળીના કષ્ટથી મુકાવે તો ઠીક. એવી રીતે પોતાના દેહના સુખનો સંકલ્પ ન થાય અને જે કષ્ટ પડે તેને ભોગવી લે એવો જે નિષ્કામી (આત્મનિષ્ઠ) ભક્ત તેની પર ભગવાનની બહુ પ્રસન્નતા થાય છે. તેમજ પંચવિષયે કરીને જેને જીવનપણું ટળી ગયું છે તે જ ભગવાનના સુખને અનુભવે છે ને ભોગવે છે ને એવાને જ ભગવાનના સુખની પ્રાપ્તિ થાય છે.

**ગ.અંત્ય ૨૯** વેદ એમ કહે છે જે જેને તીવ્ર વૈરાગ્ય હોય તેને બ્રહ્મચર્યપણા થકી જ સંન્યાસ કરવો. અને જેને મંદ વૈરાગ્ય હોય તેને વિષયભોગની તીક્ષ્ણતા ટાળ્યાને અર્થે ગૃહસ્થાશ્રમ કરવો ને પછી વાનપ્રસ્થ થાવું ને પછી સંન્યાસ કરવો. એ તીવ્ર વૈરાગ્ય પણ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ એ ચાર ગુણે કરીને સંપન્ન એવા જે મોટા સાધુ તેની સાથે અતિશે હેત કરે અને સત્સંગનો યોગ રાખે ને ભગવાનને અંતર્યામી જાણીને પોતપોતાના નિયમમાં રહે ત્યારે થાય છે.

**ગ.અંત્ય ૨૭** માયિક વિષયમાં ભિન્ન ભિન્નપણે સુખ રહ્યા છે અને તે સુખ તો તુચ્છ ને નાશવંત છે અને અંતે અપાર દુઃખનું કારણ છે. અને ભગવાનમાં તો સર્વે વિષયનું સુખ એક કાળે પ્રાપ્ત થાય છે ને તે સુખ મહા અલૌકિક છે અને અખંડ અવિનાશી છે. માટે ભગવાનની દિવ્ય મૂર્તિ તેને વિષે સર્વ પ્રકારે જોડાવું.

શાસ્ત્રે કહ્યા જે નિષ્કામ, નિર્લોભ, નિમાર્ન, નિઃસ્વાદ, નિઃસ્નેહ ઈત્યાદિક લક્ષણેયુક્ત જે સંત તેને ને ભગવાનને સાક્ષાત સંબંધ હોય માટે એવા સંતના વચને કરીને ભગવાનનો નિશ્ચય કરવો ને તેના વચનમાં દૃઢ વિશ્વાસ કરવો તેને નિશ્ચય કહીએ.

**ગ. અંત્ય ૨૮** જેને મહાત્મ્યે સહિત ભગવાનને જાણ્યા હોય એવા જે ભગવાનના સંત તે સાથે માન, ઈર્ષ્યા, ક્રોધ કેમ થાય? ન જ થાય. જેમ ઉદ્ધવજી કેવા મોટા હતા ને કેવા ડાહ્યા હતા પણ જો ભગવાનની મોટાઈ જાણતા હતા તો તે ભગવાનને વિષે હેતવાળી જે વ્રજની ગોપીયું તેના ચરણની રજને પામ્યા સારુ વન-વેલીનો અવતાર માગ્યો. માટે જે ભગવાનની ને સંતની એવી રીતે મોટાઈ જાણતો હોય તો માન, ઈર્ષ્યા, ક્રોધ રહે જ નહિ ને તેને આગળ દાસાનુદાસ થઈને વર્તે અને ગમે તેટલું અપમાન કરે તોપણ તેના સંગને મૂકીને છેટે જવાને ઈચ્છે નહિ.

**ગ.અંત્ય ૩૦** સર્વેથી પર એક ચૈતન્ય તેજનો રાશી છે ને તેના મધ્યને વિષે શ્રી પુરુષોત્તમ ભગવાનની મૂર્તિ સદા વિરાજમાન છે એવો સાકારપણાનો દૃઢ નિશ્ચય હોય, ને તે ભગવાનની ઉપાસના-ભક્તિ કરતો હોય તે ગમે પણ કેવળ ચૈતન્ય તેજને માનતો હોય ને તેની ઉપાસના કરતો હોય પણ ભગવાનને સદા સાકાર ન માનતો હોય તો તે ન ગમે. એવા જે ભગવાન તેની પ્રસન્નતાને અર્થે, નિર્દંભપણે તપને કરતો હોય યોગને સાધતો હોય તથા પંચવિષયના અભાવને કરતો હોય તથા વૈરાગ્યવાન હોય તેને દેખીને અમારું મન રાજી થાય છે જે એને શાબાશ છે જે આવી રીતે વર્તે છે.

ક્રમશઃ



મહારાજની મૂર્તિ વિના બીજું વર્ણન છે તે તો નાવ વિના સમુદ્રમાં પડ્યા દેવું છે.

# કેળવણી

## શ્રી ઘનશ્યામ એકેડેમી (અંગ્રેજી માધ્યમ) (ગેસ વિના રસોઈ)

તારીખ ૨૯ ડિસેમ્બર ૨૦૨૫ ને શનિવારના રોજ શ્રી ઘનશ્યામ એકેડમી બળદિયા ના પ્રાર્થનાખંડ ની અંદર શાળાના આચાર્ય શ્રીમતી શુભાંગીબેન ના માર્ગદર્શન હેઠળ ગેસ વિના રસોઈ સ્પર્ધા નું આયોજન કરવામાં આવેલું હતું.ગેસ વિના રસોઈ સ્પર્ધાનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકલા, આત્મનિર્ભરતા અને જીવનપયોગી કુશળતાઓ વિકસાવાનો હતો. આ સ્પર્ધામાં ધોરણ ૬ થી ૯ ના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆત શાળાના પ્રાર્થના ખંડમાં ૧૧ વાગ્યે કરવામાં આવી હતી. સ્પર્ધા નું સંચાલન ઈન્ટેલિજન્સ હાઉસના શિક્ષકો દ્વારા કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકેની ભૂમિકા શાળાના  શિક્ષિકા શ્રી દક્ષાબેન રાઘવાણી હેતલબેન ભુડિયા તથા શિતલબેન કેરાઈએ નિભાવી હતી.

આ સ્પર્ધા દરમિયાન ધોરણ ૧ થી ૫ ના વિદ્યાર્થીઓ માટે માટી દ્વારા વિવિધ આકારો બનાવવાની સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા અને કલ્પના શક્તિનો વિકાસ કરવાનો હતો. આ સ્પર્ધામાં ધોરણ ૧ થી ૫ ના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શાળાના શિક્ષિકા ગાર્ગીબેન જોશી દિપાલીબેન ગોસ્વામી તથા પલ્લવીબેન ભુડિયા એ નિભાવી હતી. શાળાના આચાર્ય શ્રીમતી શુભાંગીબેન જોષી દ્વારા બંને સ્પર્ધાના વિજેતાઓના નામની જાહેરત કરવામાં આવી હતી. આ સમગ્ર સ્પર્ધા નું સંચાલન શાળાના ઇન્ટેલિજન્સ હાઉસના શિક્ષકશ્રીઓ લોચનબેન પરમાર, અર્ચનાબેન જોશી ,મીરાબેન ભુડિયા તથા વિશ્વભાઈ બુધ્ધભટ્ટી દ્વારા કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાને સફળ બનાવવા શાળાના સર્વે શિક્ષકશ્રીઓનો સહયોગ મળ્યો હતો.

## શ્રી ઘનશ્યામ એકેડેમી (અંગ્રેજી માધ્યમ) શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-'૨૬ માટેનો વાર્ષિક રમોત્સવ યોજાયો.

શ્રી અબજીબાપા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ સેન્ટર સંચાલિત શ્રી ઘનશ્યામ એકેડમી (અંગ્રેજી માધ્યમ)-બળદિયા, તાલુકો- ભુજ (કચ્છ) ખાતે શાળાના આચાર્યા શ્રીમતી શુભાંગી એસ જોશીના માર્ગદર્શન હેઠળ શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-' ૨૬ ના 'વાર્ષિક રમતોત્સવ' નું આયોજન કરાયું હતું.

શાળાના નર્સરી, લોઅર પ્રાઇમરી, અપર પ્રાઇમરી તેમજ સેકન્ડરી વિભાગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઈ બહેનો માટે તારીખ ૩જી અને ૫મી જાન્યુઆરી ૨૦૨૬ એમ બે દિવસીય સ્પોર્ટ્સ ડે યોજાયો. જેમાં પ્રથમ દિવસે શાળાના ધોરણ-૬ અને ધોરણ-૭ ના વિદ્યાર્થીઓની મર્યાદિત ઓવરની ક્રિકેટ મેચ શ્રી સ્વામિનારાયણ વિદ્યા સંકુલ માં કાર્યરત સ્કૂલ શ્રી સ્વામિનારાયણ પ્રાથમિક અને માધ્યમિક શાળા-બળદિયાના ધોરણ-૬ અને ધોરણ-૭ ના વિદ્યાર્થીઓ વચ્ચે યોજાઈ હતી.જેમાં ખેલાડીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. અને અન્ય ધોરણના વિદ્યાર્થી ભાઈ બહેનો માટે કબડ્ડી, ખો-ખો અને ધોરણ-૬ થી ધોરણ-૯ ની વિદ્યાર્થીનીઓ વચ્ચે ક્રિકેટ મેચ યોજાઇ હતી.

સ્પોર્ટ્સ ડે ના બીજા દિવસે ઉદઘાટન સમારોહ માં અધ્યક્ષ સ્થાને શાળાના આચાર્યા શ્રીમતિ શુંભાગી એસ.જોષી,શાળાના સર્વે શિક્ષક મિત્રો તથા સર્વે વિદ્યાર્થી મિત્રોની ઉપસ્થિત વચ્ચે સૌપ્રથમ મશાલ પ્રગટાવી વાર્ષિક રમતોત્સવની ખુલ્લો મુકાયો હતો. ત્યારબાદ નર્સરી થી સેકન્ડરી વિભાગના વિદ્યાર્થીઓ ભાઈ બહેનો દ્વારા વન મિનિટ ગેમ યોજાઇ હતી.

બે દિવસીય વાર્ષિક રમતોત્સવમાં ભાગ લેનાર સ્પર્ધકોએ વિવિધ એથલેટિકસ જેવી કે ૧૦૦ મીટર રેસ, રીલે રેસ, રિવર્સ રનીંગ કોથળાદોડ, લેમનસ્પૂન

સંગીત ખુરશી રમતોમાં સ્પર્ધકોએ ખેલ ભાવના સાથે ભાગ લઈ પોતાની શારીરિક ક્ષમતાઓ નો વિકાસ કરી પોતાની આંતરિક અને શારીરિક શક્તિઓ ખીલવી હતી.

ઉપરોક્ત બે દિવસથીય વાર્ષિક રમતોત્સવ' નું સંચાલન શાળાના સ્પોર્ટ્સ ઇન્ચાર્જ શિક્ષકો અને જે તે વર્ગના વર્ગ શિક્ષકો દ્વારા કરાયું હતું. શાળાના ચારેય હાઉસ પ્રમાણે દરેક ગેમ્સમાં પ્રથમ દ્વિતીય અને તૃતીય ક્રમાંકે વિજેતા થયેલ વિદ્યાર્થી ભાઈ બહેનોને શાળા પરિવાર વતી બિરદાવી પ્રોત્સાહિત કરાયા હતા.

આમ બે દિવસીય આ વાર્ષિક રમતોત્સવમાં' શિક્ષક મિત્રોના સહયોગ દ્વારા સફળ આયોજન કરાયું હતું.

## વસંતપંચમીનો અહેવાલ

તારીખ:૨૩/૦૧/૨૦૨૬

વાર:શુક્રવાર

અમારી શ્રી સ્વામિનારાયણ પ્રાથમિક અને માધ્યમિક શાળામાં તારીખ: ૨૩-૦૧-૨૦૨૬ શુક્રવાર રોજ શાળાના આચાર્ય શ્રી ડૉ.એસ.એમ.પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ શિક્ષાપત્રી જયંતી અને વસંતપંચમી પર્વની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. સૌ પ્રથમ કાર્યક્રમની શરુઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યારબાદ શાળાના આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ સાહેબે ઋતુઓના રાજા તરીકે ઓળખાતી વસંતઋતુ, વિદ્યાની દેવી સરસ્વતી તથા શિક્ષાપત્રી મહત્વ સમજાવ્યું હતું. ત્યારબાદ આચાર્ય સાહેબશ્રી તથા સર્વે શિક્ષકગણે ભગવાન સ્વામિનારાયણ, સરસ્વતી દેવી તેમજ શિક્ષાપત્રીનું કુમકુમ અને પુષ્પ દ્વારા ભાવપૂર્વક પૂજન કર્યુ હતું. વિદ્યાર્થીઓ પણ આ પૂજનમાં જોડાયા હતા. ત્યારબાદ જીનીબેન મહેતા એ વસંતપંચમી કેમ ઉજવવામાં આવે છે તે જણાવ્યું હતું. ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ માટે ખાસ 'કલમ પૂજન' રાખવામાં આવ્યું હતું. જેથી તેઓ અગામી બોર્ડની પરીક્ષામાં સફળતા મેળવી શકે. ત્યારબાદ બહેનોએ શિક્ષાપત્રીના ૨૧૨ શ્વલોકોનું ભાવથી પઠન કર્યું હતું. ત્યાર પછી શિક્ષાપત્રી જયંતી વિશે તથા શિક્ષાપત્રીનું મહત્વ દર્શાવતો વીડિઓ નિહાળ્યો હતો. અંતે વસંતપચંમીનો આ ઉત્સવ સૌમાં નવી આશા અને જ્ઞાનનો પ્રકાશ ફેલાવી સંપન્ન થયો હતો.

## ૭૭ માં પ્રજાસત્તાક દિનની ઉજવણી

તારીખ:૨૬/૦૧/૨૦૨૬

વાર:સોમવાર

શ્રી સ્વામિનારાયણ પ્રાથમિક અને માધ્યમિક શાળા

તારીખઃ ૨૦ જાન્યુઆરી ૨૦૨૬

સોમવારના રોજ ૭૭ માં પ્રજાસત્તાક દિનની ઉજવણી શ્રી સ્વામિનારાયણ સંકુલના પ્રાંગણમાં ધ્વજવંદન કાર્યક્રમની રૂપરેખા પ્રમાણે સવારે ૮:૧૫ કલાકે કરવામાં આવી હતી. કાર્યક્રમના મુખ્ય મહેમાન શ્રી રવજી કરશન હરજી વેકરીયા મૂળ બળદિયા, હાલે લંડન ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના પ્રમુખ શ્રી ગોવિંદબાપા, ખજાનચી કેસરાબાપા, ટ્રસ્ટી શ્રી કલ્યાણભાઈ વેકરીયા તથા ગુજરાતી માધ્યમના આચાર્ય શ્રી ડૉ.એસ,એમ. પટેલ સાહેબ, અંગ્રેજી માધ્યમના આચાર્યા શ્રીમતી શુભાંગીબેન જોષી, પધારેલ મહેમાનનું તથા બંને માધ્યમોના સર્વે શિક્ષકો તથા વિદ્યાર્થી ભાઈ-બહેનોની ઉપસ્થિતિમાં વંદેમાતરમ્ ગીતનું સમૂહગાન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મુખ્ય મહેમાન શ્રી રવજી કરશન હરજી વેકરીયાના હસ્તે ધ્વજવંદન, ધ્વજને સલામી, ઝંડાગીત 'વિજયી વિશ્વ તરંગા પ્યારા' નું સમૂહગાન અને છેલ્લે 'જન ગણ મન' ગીતનું સમૂહગાન કરવામાં આવ્યું હતું. આ સમ્રગ કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષિકા શ્રી કૃપાલીબેન સોની તથઆ વનિતાબેન લાખાણીએ કર્યું હતું. આ કાર્યક્રમના શરૂઆતમાં શાળાના આચાર્ય શ્રી ડૉ.એસ.એમ. પટેલ સાહેબે ધ્વજવંદના મુખ્ય મહેમાન, ટ્રસ્ટી તથા પધારેલ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું. ત્યારબાદ શાળાનાં શિસ્તબદ્ધ વિદ્યાર્થીઓએ પરેડ કર્યું હતું. ત્યારબાદ ધોરણ ૯નો વિદ્યાર્થી નરેન્દ્ર સોઢાએ ગુતંત્ર અને

બંધારણ'' તથા ભગત રુદ્રએ ''સરદાર પટેલ '' પર પ્રભાવશાળી સ્પીચ આપી હતી. તેમજ ટ્રસ્ટી શ્રી કલ્યાણભાઈ વેકરીયાએ પ્રેરણાદાયી ઉદબોધન આપ્યું હતું. 'સુજલામ્ સુફલામ્' અને દેશભક્તિ મિકસ સોંગ પર અભિનય ગીતો રજૂ કરીને વિદ્યાર્થીઓએ સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા. ત્યારબાદ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સામાજિક જાગૃતિ લાવવા માટે 'સોશિયલ મીડિયા' અને પેઢીઓ વચ્ચેના તફાવતને દર્શાવતું 'ઓલ્ડ એન્ડ ન્યૂ જનરેશન' નામના નાટકો રજૂ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ શાળાનાં વિદ્યાર્થીઓએ વીર શહીદોને શ્રદ્ધાંજલિ આપતું ગીત 'ઑ મીટ્ટી કે બેટે' પર સુંદર રજૂઆત કરી હતી. ત્યારબાદ શાળાનો વિદ્યાર્થી જાડેજા યુવરાજસિંહએ 'તલવારબાજી'દ્વારા પોતાની કળાનું પ્રદર્શન કર્યું હતું. શિક્ષણકાર્ય અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે બંને માધ્યમનાં શિક્ષકોને 'શ્રેષ્ઠ શિક્ષક સન્માન પારિતોષિક' એનાયત કરવામાં આવ્યાં. જેમાં અંગ્રેજી માધ્યમમાં કે.જી.વિભાગમાં શ્રી કોમલબેન ગંભીરસિંહ વાઘેલા, પ્રાથમિક વિભાગમાં શ્રી મીરાબેન રમેશભાઈ ભુડીયા તથા માધ્યામિક વિભાગમાં વિશ્વ હિરેનભાઈ બુધ્ધભટી તથા ગુજરાતી માધ્યમમાં પ્રાથમિક વિભાગમાં શ્રી નરેન્દ્ર પ્રેમજીભાઈ પટેલ તેમજ માધ્યમિક વિભાગમાં શ્રી જીનીબેન બકુલેશભાઈ મહેતાને પારિતોષિકથી સન્માનવામાં આવ્યા હતાં. ત્યારબાદ શૈક્ષણિક વર્ષ દરમિયાન શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ દેખાવ કરનાર ધોરણ-૧૦નાં વિદ્યાર્થીઓને મહેમાનોનાં હસ્તે ઈનામ આપવામાં આવ્યું હતું. પ્રત્યેક બાળકોને એટલાસ બુક વગેરે બંને માધ્યમનાં  વિદ્યાર્થીઓને પ્રશાંત નવીનભાઈ પટેલ તરફથી આપવામાં આવ્યું હતું. શ્રીમતિ વનિતાબેન લાખાણીએ પધારેલ મહેમાનોનો આભાર વ્યક્ત કર્યો હતો. અંતમાં શ્રી કાન્તી ગોવિંદભાઈ વેકરીયા તરફથી ફ્રુટીનું વિતરણ તથા શાળા પરિવાર વતી પ્રસાદી આપીને કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

## શ્રીહરિચરિત્રામૃતમ્

પેજ નં. ૫ થી ચાલુ...

શ્રીહરિએ પણ સંતોને જમાડ્યા. જમીને શ્રીહરિ ઘોડેસવાર થઈ મેઘપુર પધાર્યા. મેઘપુરમાં નારાયણ સોનીને ઘેર ઉતારો કર્યો. ગ્રામજનો શ્રીહરિના દર્શન કરવા આવવા લાગ્યા. ગામનો આગેવાન અમરસિંહ પોતાના કુટુંબે સહિત શ્રીહરિનો આશ્રિત થયો. બીજો જીવરામ જેઠો, ભાણજી, રવજી, સાંમત પ્રજાપતિ વગેરે કેટલાય સત્સંગી થયા ત્યાં ભુજથી સુંદરજી સુતાર પણ આવેલા હતા. તે ભુજ જવા તૈયાર થયા. એટલે માયારામ ભટ્ટ પાસે મુક્તાનંદ સ્વામીને પત્ર લખી મોકલ્યો અને મુક્તાનંદ સ્વામીને જય સ્વામિનારાયણ કહી મોકલ્યા. શ્રીહરિ આવી રીતે જ્યાં જ્યાં જતા ત્યાં ભક્તોને સમાધિ થતી. પરંતુ મેઘપુરના રાજાને પ્રતિતી ન આવી રાજના સંબંધવાળા ગામના વેરાગીઓ આ પ્રતાપ દેખી બળી ઉઠ્યા. હરિભક્તોને ગાળો દેવા મંડ્યા. પણ શ્રીહરિએ ધીરજ રાખવી અને સામી ગાળ ન દેવી એવો ઉપદેશ કર્યો. કોઈ સાથે વૈર ન કરવું, અંતરમાં વૈરાગ્ય હોય તોપણ પુરુષે પોતાની સ્ત્રીને અને સ્ત્રીએ પોતાના પુરુષને તજવો નહિ. પાપી હોય તો ત્યાગ કરવો. **ક્રમશઃ**

## મૂર્તિ સુખે સુખી થયા

- ગામ બળદિયા હાલે આલ્ડહેમ યુ.કે. ના શ્રી રામજી લાલજી ડુંગર વેકરીયા ઉ.વ.૭૦ તા.૧૩/૦૧/૨૦૨૬ ના રોજ મૂર્તિ સુખે સુખી થયા છે.
- ગામ કેરાના શ્રી માવજી ધનજી વરસાણી ઉ.વ.૭૦ તા.૧૩/૦૧/૨૦૨૬ ના રોજ મૂર્તિ સુખે સુખી થયા છે.
- ગામ કેરાના શ્રી દેવરાજ શામજી વરસાણી ઉ.વ.૫૧ તા.૧૩/૦૧/૨૦૨૬ ના રોજ મૂર્તિ સુખે સુખી થયા છે
- ગામ આદિપુરના આશાબેન મુકુંદભાઈ મહેતા ઉ.વ.૮૬ તા.૨૮/૦૧/૨૦૨૬ ના રોજ મૂર્તિ સુખે સુખી થયા છે.

**શ્રીજીમહારાજ તેમને પોતાની મૂર્તિનું સુખ વિશેષ ને વિશેષ આપે અને તેમના પરિવારને ધીરજ અને બળ આપે એવી શ્રીજીમહારાજ તથા બાપાશ્રીના ચરણોમાં પ્રાર્થના........**




# ૭૭મા ગણતંત્રદિનની ઉજવણી





MURTI
FEBRUARY 2026
Year - 23 : Issue - 02

Gujarati Monthly. RNI No. GUJGUJ/2004/52455. Permitted to Post at Bhuj Sorting Office on Date 13th of every month under Postal Registration No. G/KCH/173/2025-2027. Licence to post without pre-payment No. G-PMG-RJT/030/2026




-: Publisher :-
Shree Abjibapani Chhatedi & Hanumanji Mandir,
Post : Baladia, Ta.: Bhuj, Dist : Kachchh,
GUJARAT : PIN - 370427.
Contact No. 90990 49282 / 90990 49284

Printed and Published by Kalyan Naran Vekaria, on behalf of Abjibapashri ni Chhatri & Hanumanji Mandir Trust.
Printed at Swastik Printers - Basement Pindoriya Chambers , New Station Road, Bhuj-Kachchh. 370001 and Published at Abjibapashri ni Chhatri & Hanumanji Mandir Trust. Po. Baladia, Bhuj-Kachchh. Editor : Kalyan Naran Vekaria